dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

June 2013 For private circulation only Vol. 05 - Issue 107

અમૂલ્ય શું છે ? નામ કે જીવન ? વધુ મહિમા કોનો છે, જીવનનો કે સંપત્તિનો ? વધુ ખરાબ શું છે, નફો કે નુકશાન ? જેટલી ઝાઝી આસકિત, એટલી ઝાઝી કિંમત જેટલો વધુ પરિગ્રહ, એટલું ઊંડું નુકશાન, કેટલું પૂરતું છે તે જાણ, અને અવહેલનાથી બચી કયાં અટકવું તે સમજ, ને ભય વિના જીવી જા - આ રસ્તે બહુ દીર્ઘ સમય સુધી ટકી શકાય છે.

લાઓત્સે

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

ચિત્તના આકાશમાં ઉદાસીનું વાદળ આવીને અટકી ગયું છે. હૃદય અત્યંત વ્યગ્ર અને વિહ્વળ છે. આસપાસ વિષાદ પથરાઈને પડયો છે. આંખમાં આંસુની ધૂંધળી ઝાંયનું આવરણ છે. એ માટે કારણ છે. ચિંતા ઘેરી વળે એવો મામલો છે. થોડાક સમય પહેલાં જ ગામથી અભ્યાસાર્થે આવી હૉસ્ટેલમાં રહેતી એક વિદ્યાર્થિનીએ હૉસ્ટેલના જ રૂમમાં પંખે લટકીને આપઘાત કર્યો હતો. મનની સ્લેટ પરથી આ દુઃખદ ઘટના ભૂંસાય એ પહેલાં અન્ય એક યુનિવર્સિટીમાં પણ આવી દુર્ઘટના થયાના સમાચાર વાંચ્યા - સાંભળ્યા. ધોરણ ૧૦-૧૨ના પરિણામો પછી આવી ઘટનાઓ રોજેરોજ ધ્યાન પર આવે છે. સૌને અંદરથી હલબલાવી મૂકે અને અસ્વસ્થ કરી મૂકે એવી આ ઘટનાઓ છે. હજી યુવાનીના ઉંબરે જેણે પગ મૂકયો છે એણે જીવનનો આમ એકાએક અંત શા કારણે લાવવો પડે ? જિંદગીની તાકાતની સામે મોતની તાકાત સમય કરતાં વહેલાં જીતી કઈ રીતે શકે ? કારણો ગમે તે હોઈ શકે પરંતુ ચેતનાનો દીવો હોલવી નાંખવાનો વ્યકિતને ખુદને ય અધિકાર નથી એ ભૂલાવું ન જોઈએ. જિંદગી - મનુષ્ય જિંદગી વારંવાર નથી મળતી તેથી એનું મૂલ્ય અને મહત્વ સમજવું જોઈએ. કહેવાય છે કે, ચોર્યાશી લાખ યોનીમાંથી પસાર થયા પછી આપણને મનુષ્ય અવતાર પ્રાપ્ત થાય છે. એને આમ અણ સમજણમાં વેડફી કે વેતરી દેવાનો હકક આપણને નથી જ નથી. જિંદગી તો મહામૂલી મૂડી છે એને સાચવતાં શીખવાનું છે. એની હર એક ક્ષણને માણતાં શીખવાનું છે. લિજ્જતથી અને ઈજ્જતથી જીવવાની કળા શીખવાની છે. કોઈનાથી - કશાથી વશ કે વિવશ થયા વગર આપણને મળેલી આ મહામૂલી મિરાતની મજા માણવાની છે.

મનુએ નોંધ્યું છે : 'જીવન એક સંગ્રામ છે. જીવન એક યજ્ઞ છે. જીવન એક સાગર છે. જખમો વિના સંગ્રામ ન હોઈ શકે. જવાળા વિના યજ્ઞ ન હોઈ શકે. તોફાન વિના સાગર ન હોઈ શકે.'' જીવન ફકત સુખમય કે ફકત દુઃખમય ન હોઈ શકે. કોમળતા અને કરાલતા બન્ને એમાં છે. થોડી ખુશી થોડો ગમ. જીવનના સંગ્રામમાં કયારેક જીતવાનું તો કયારેક હારવાનું જીવન એટલે ધૂપ છાંવ. રાત પાછળ જેમ દિવસ આવે છે તેમ દિવસ પાછળ રાત પણ હોવાની. સુખનો સૂરજ સતત તપ્યા કરે એવું જીવન શોધ્યું નહીં મળે. જીવનના મહાસાગરમાં ભરતી અને ઓટ રૂપી મોજાં આવે અને જાય. પાનખર પછી વસંત અને વસંત પછી પાનખર એ કુદરતનો ક્રમ છે. યાદ રહે કે, જિંદગીને સમજાવવી સહેલી પરંતુ એને સમજવી અઘરી છે. જિંદગી સમજમાં આવી તો બેડો પાર. કયારેક થાકી જવાય ને કયારેક હારી ય જવાય. પણ સમય-સંજોગો અનુસાર જે જીવી જાણે છે, વાસ્તવિકતાનો સ્વીકાર જે કરી જાણે છે તે જ ખરું જીવી જાણે છે. કવિ રઈશ મનીઆરની ગઝલનો આ શેર આ વાતને ઉત્તમ રીતે પ્રતિપાદિત કરે છે.

''લાગે છે જયારે કંઈ જ જીવનમાં બચ્યું નથી,
જીવનની એ નવી જ શરૂઆત હોય છે.''

હાર અને જીત વચ્ચેનું અંતર કયારેક તો એક ડગલા જેટલું જ હોય છે. થોડી શ્રધ્ધા, થોડો આત્મવિશ્વાસ, થોડી હોંશ અને થોડીક જ તાકાત હારને જીતમાં તબદિલ કરી દે છે.

મિત્રો, આ શે'ર વાંચો.

કદાચ એ તમારામાં એક નવી સમજ પ્રગટાવે :

''ગિરે હૈ તો ઊઠકર સંભલને કી સોચે
જમાને સે આગે નિકલને કી સોચે.''

ફૂલોની પાસેથી કાંટાઓની વચ્ચે રહીને મ્હેંકતા શીખવાનું છે. શિક્ષણનું કામ માણસને સંવેદનશીલ અને સહનશીલ બનાવવાનું છે. શિક્ષણે માણસના જીવનનું ચણતર જ નહીં ઘડતર પણ કરવાનું છે. જ્ઞાન પણ છેવટે તો જીવન માટે છે. જીવનને જોવા જાણવા અને સમજવાની દ્રષ્ટિ શિક્ષણે આપવાની છે. દ્રષ્ટિ ન આપે અને કેવળ આંખ આપે તે શિક્ષણ શા કામનું ?!

એક વિદ્વાને કહયું છે : ''પ્રભુ એવું કોઈ જ દુઃખ નથી આપતો જે આપણે સહન ન કરી શકીએ ! '' વિદ્યાર્થી દોસ્તો, જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત કવિપુરુષ રાજેન્દ્ર શાહનું કાન્તાસમ્મિત ઉપદેશ આપતું આ ગીત તમારા માટે :

ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?
નાની એવી જાતક વાતનો મચવીએ નહિ શોર !
ભારનું વાહન કોણ બની રહે ? નહિ અલૂણનું કામ,
આપણ તો બડભાગી, ખમીરનું આજ ગવાય રે ગાન;
સજલ મેઘની શાલપે સોહે રંગધનુષની કોર.
જલભરી દગ સાગર પેખે, હસતી કમળફૂલ,
કોકડું છે પણ રેશમનું, એનું ઝીણું વણાય દુકૂલ.
નિબિડ રાતનાં કાજળ પાછળ પ્રગટે અરુણ ભોર.
આપણે ના કંઈ રંક, ભર્યો ભર્યો માંહ્યયો કોશ અપાર;
આવવા દો જેને આવવું, આપણે મૂલવશું નિરધાર;
આભ ઝરે ભલે આગ, હસી હસી ફૂલ ઝરે ગુલમ્હોર.

તા. ૧૫ જુન, ૨૦૧૩

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિશ્રી

# યુનિવર્સિટી ન્યૂઝ

## વિદાય સમારંભ



યુનિવર્સિટી પરિવારમાંથી (૧) ડૉ. પંકજ ગઢિયા (પ્રોફેસર એન્ડ હેડ, બાયોસાયન્સ અનુસ્નાતક વિભાગ) (૨) શ્રી દિપકભાઈ આર. દેસાઈ (એડી. આસિ. ઈજનેર), (૩) શ્રી નાનુભાઈ એમ. પટેલ (કાર્યાલય અધિક્ષક), (૪) કુ. હસુબેન બી. પટેલ (જુ. કલાર્ક), (૫) શ્રી ભરતભાઈ એન. ચૌધરી (સુથાર), (૬) શ્રી એસ.પી. પરમાર (પ્લમ્બર), (૭) શ્રી કે. એન. પટેલ (નાયક, પટાવાળા), (૮) શ્રી એન.એલ. ચૌહાણ (નાયક, પટાવાળા) (૯) શ્રી કે.જે. રાજપૂત (ચોકીદાર), (૧૦) શ્રી આર.આર. યાદવ (માળી), (૧૧) શ્રીમતી લીલીબેન ડી. પટેલ (સફાઈ કામદાર) વયમર્યાદાને કારણે નિવૃત્ત થતા હોઈ એસ.પી.બી. સરદાર પટેલ સેનેટ હોલમાં તા. ૧૨-૬-૧૩ના રોજ કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકરના અધ્યક્ષસ્થાને વિદાય સમારંભ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં નિવૃત્ત થતા કર્મચારીઓની સેવાઓને બિરદાવી ભાવિ જીવન માટે યુનિવર્સિટી પરિવાર તરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.



આ કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકર અને કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતાએ પ્રસંગોચિત પ્રવચન કરીને સેવા નિવૃત્ત કર્મચારીઓની સેવાઓને બિરદાવીને ભાવિ જીવન સુખમય અને નિરોગી રહે તે માટે આશીર્વચન પાઠવ્યા હતા.



આ કાર્યક્રમમાં યુનિવર્સિટી પરિવાર તરફથી સેવા નિવૃત્ત કર્મચારીઓને સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં યુનિવર્સિટી બિનશૈક્ષણિક મંડળના પદાધિકારીઓ, સભ્યશ્રીઓ અને યુનિવર્સિટી પરિવાર ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનું સંચાલન ડૉ. રોમન ભાટિયાએ કર્યું હતું.



## Ph.D.

A list of Theses accepted by Veer Narmad South Gujarat University, Surat during October 2012 to January 2013.

**BIOSCIENCE**

1 Patel, Sudeep B. **Prevalence of B thalassemia and sickle cell anemia in Muslim, Modh Bania, Dhodia and Kachiya Patel communities and molecular characterization of mutations in them.** (Dr.Snehlata C. Gupte), Ex. Assistant Professor, Institute of Medical Technology, Surat.

**CHEMISTRY**

1 Patel, Kiritkumar P. **Biological evaluation of some novel heterocyclic compounds.** (Dr.Anjani N. Solankee), Assistant Professor, B.K.M.Science College, Valsad.

2 Patel Mineshkumar D. **Synthesis of N-based hetrerocycles and their biological studies.** (Dr.N.B.Patel), Professor, Department of Chemistry, VNSGU, Surat.

**COMMERCE**

1 Seema, Mohindra. **Sectoral analysis of short run and long run performance of initial public offerings of companies listed at NSE.** (Dr.M.R.Noronha), Vice Principal, S.P.B.E.M.College of Commerce, Surat.

**ECONOMICS**

1 Patel, Manishkumar R. **Surat aney Amadavad mahanagarpalika nee naanakiy vittvyavastha no tulnatmak abhyas.** (Shri M.B.Dave), Ex Associate Professor, Department of Economics, VNSGU, Surat.

**EDUCATION**

1 Ghelani, Bhavesh H. **Dhoran-11 naa Naama naa multatvo vishay maa 'Aamnodh' ekam par swadhyay padhhatti aney computer sahayit adhyayan (CAL) padhhtti ni rachna aney asarkarkata.** (Dr.P.R.Master), Assistant Professor, College of Education, Kharod.

2 Patel, Jayantilal N. **Gujarat Rajya maa G.B.T.C. kakshaa na shikshan mahavidhyalayo: Ek vyakti abhyas.** (Dr.R.B.Chaudhari), Associate Professor, Department of Education, VNSGU, Surat.

3 Sukhadia, Daksheshkumar J. **Dhoran-10 naa Vigyan aney Technology vishay maa "Brahmand" ekam par computer aasisted instruction karyakram ni**

**rachna aney ajamayash.** (Dr. R.B.Chaudhari), Department of Education, VNSGU, Surat.

4 Tandel, Arunbhai N. **Madhyamik shaala maa Samajik Vigyan vishay maa natyaikaran padhhtti ni asarkarakata.** (Dr.J.A.Naik), Associate Professor, Department of Education, VNSGU, Surat.

**ENGINEERING**

1 Zaveri, Tejas N. **Power quality improvement using custom power device.** (Dr.B.R.Bhalja), Professor and Head, A.D.Patel Institute of Technology, Anand.

**GUJARATI**

1 Patel, Anilkumar N. **Gujarati tunki vaarta maa vastavvaadi nirupan ('Sundaram', 'Umashankar Joshi' aney 'Dr.Jayant Khatri naa vishesh sandarbhey).** (Dr.Bharat Parikh), Assistant Professor, Smt.J.P.S.Arts College, Valsad.

2 Surati, Prakashkumar D. **Swami Sachchidananda naa pravas nibandho maa pragat ti bharatiyata : Ek abhyas.** (Dr.Bharat Parikh), Assistant Professor, Smt.J.P.S.Arts College, Valsad.

**MANAGEMENT**

1 Chhibber, Neha H. **Customer relationship management as a tool to enhance customer loyalty: A study of select retail stores.** (Dr.M.V.Sidhpuria), Professor, DBIM, VNSGU, Surat.

2 Vaghela, Jigneshkumar P. **A study on the consumer adoption of electronic banking technology with reference to Indian banking sector.** (Dr.M.V.Sidhpuria), Professor, DBIM, VNSGU, Surat.

**MATHEMATICS**

1 Darji, Rajeshkumar M. **Deductive grou symmetry technique for the solutions of artial differential equations governing the flow of non-newtonian fluids.** (Dr. M.G.Timol), Professor, Department of Mathematics, VNSGU, Surat.

**STATISTICS**

1 Desai, Mayuri K. **Some demograhic aspects of an urban center: A case study of Navsari city.** (Dr.V.D.Naik), Principal, S.P.B.English Medium College of Commerce, Surat.

## M.Phill

A list of Dissertations accepted by Veer Narmad South Gujarat University, Surat during to November 2012 to April 2013.

**BIOSCIENCE**

1 Mishra, Gaurav J. **Antibacterial activity and characterization of flavonoids of launaea procumbens (ROXB) Rammaya and Rajgopal.** (Dr. M.N. Reddy), Professor, Department of Bioscience, VNSGU, Surat.

2 Patel, Mehangini D. Effect of ferrous on seed germination and seedling growth of dolichos lablab L. and vigna radiata (L.)wilczek. (Dr.(Ms.)Kailash Patel), Associate Professor, Department of Bio Science, VNSGU, Surat.

**CHEMISTRY**

1 Patel, Pramodkumar J. **Synthesis and characterisation of fluorescent probe containing polyesters derived from aromatic and aliphatic hydroxy acids**. (Dr.Saurabh K. Patel), Associate Professor, Department of Chemistry, VNSGU, Surat.

2 Solanki, Yashpalsinh J. **2,4-dihydroxy-5-bromo-a-phenylacetophenonethiosemicarabazone as analytical reagent.** (Dr. N.B.Patel), Assistant Professor, Shree Jayendrapuri Arts and Science College, Bharuch.

**COMMERCE**

1 Bhatt, Bhavik I. **A comparative study of efficiency of working capital management with reference to Bajaj Auto Ltd. and Hero Honda Motors Ltd.** (Dr. U.T.Desai), Ex.Principal, Sir K.P.College of Commerce, Surat.

2 Patel, Hufrish J. **A study of risk disclosure for financial instruments as per Indian accounting standard 32 by select Indian banks for the year 2011-12.** (Dr. H.S.Oza), Assistant Professor, S.P.B.English Medium College of Commerce, Surat.

3 Thummar, Bharat D. **A study of socio-economic condition of diamond workers of diamond industry : With special reference to Surat city.** (Dr. D.L.Varsani), Principa,, Shree J.B.Dharukawala Mahila Arts College, Surat.

**COMPUTER SCIENCE**

1 Patel, Bharatkumar C. **Recognition of spoken gujarat digit and translate it into textual form.** (Dr. A.A.Desai), Professor and Head, Department of Computer Science, VNSGU, Surat.

2 Patel, Jaginbhai M. **Segmentation and recognition of printed gujarati numeral form image.** (Dr. A.A.Desai), Professor and Head, Department of Computer Science, VNSGU, Surat.

# કોલેજ ન્યૂઝ

## પરીક્ષા

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે તા. ૧૯-૫-૧૩ના રોજ ડૉ. સૌરભભાઈ જે. દેસાઈ ચેરીટેબલ ટ્રસ્ટ પલસાણા સંચાલિત ઈન્સ્ટીટ્યુટ ઓફ એડવાન્સ સ્ટડીઝ દ્વારા આઈ.એ.એસ. સ્પર્ધાત્મક પ્રવેશ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટી.વાય.બી.કોમ.ના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પ્રવેશ પરીક્ષા આપી હતી. કોલેજ પર લેવાયેલ પ્રવેશ પરીક્ષા-પ્રિલીમીનરી પરીક્ષામાં જે વિદ્યાર્થીઓ કલોવીફાય તશે તેમને મેઈન પરીક્ષા માટે કોલ લેટર ઈસ્યુ કરવામાં આવશે. મેઈન પરીક્ષા બાદ ઈન્ટર્વ્યુ અને છેવટે પસંદગી પામેલ વિદ્યાર્થીઆને ઈન્ડિયન સીવીલ સર્વિસીસ પરીક્ષાના વર્ગોમાં દાખલ કરી પરીક્ષાની તૈયારી માટે તાલીમ આપવામાં આવશે.

## વિમોચન

શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટ્સ કોલેજ વલસાડના ઉપાચાર્ય અને હોમસાયન્સ વિભાગના પ્રા. ડૉ. રશ્મિબેન દેસાઈ લિખિત ‘રસભર-શાકાહારી વાનગી’-પુસ્તકનો લોકાર્પણ સમારોહ બાઈ આવાબાઈ હાઈસ્કુલના વાડિયા હોલમાં યોજાઈ ગયો. જેમાં અતિથિ વિશેષ તરીકે અતુલ સંકુલના સ્વાતિબેન દેસાઈએ પુસ્તક લેખનની જહેમતને બીરદાવી હતી શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડના આચાર્યશ્રી ડૉ. જી.એમ. બુટાણીએ પ્રાસંગિક પ્રવચન કરી પુસ્તકને આવકાર આપ્યો હતો. વલસાડના સમાજ સેવિકા અને નારીવાદી લેખિકા બકુલાબેન ઘાસવળાએ પ્રતિભાવ રજૂ કર્યો હતો.

## વાંચન વિશેષ

**મહાભારત**

અનુ : ચંદ્રશંકર પ્રાણશંકર શુકલ

મુંબઈ : વોરા એન્ડ કંપની, ૧૯૪૬. પૃ. ૧૪૬ રૂા. ૨-૦૦

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના Indian Philosophy Vol.I ના પ્રકરણ ૮નો અનુવાદ આ પુસ્તક છે. આવા અદ્વિતીય ગ્રંથના વિષયમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન જેવા અદ્વિતીય પ્રતીભાશાળી તત્વજ્ઞના વિચારો પ્રેરક અને મનનીય છે. રાધાકૃષ્ણને પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું સમગ્ર દર્શન કરીને, 'ભારતીય તત્વજ્ઞાન' ઈત્યાદિ ગ્રંથો દ્વારા તે સંસ્કૃતિનું ગૌરવ જગતને દર્શાવ્યું છે, અને ભારતવર્ષના અર્વાચીન ઋષિ તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરેલી છે. મહાભારતની ચર્ચા કરતાં રાધાકૃષ્ણને રામાયણ, મનુસ્મૃતિ અને શ્વેતાશ્વતરોપનિષદ વિષે પણ પોતાના મનનીય અભિપ્રાયો દર્શાવ્યા છે.

અનુવાદક આ પુસ્તક વિષે નોંધે છે કે, 'વિશાળ ઐતિહાસિક દ્રષ્ટિએ જોઈએ તો હિંદુધર્મ એ ભાગીરથી ગંગાના પ્રવાહ જેવો ધીરે ધીરે નાનામાંથી મોટો થતો દેખાય છે. સેંકડો વરસનાં કાળતારોમાં થઈને તે જેમ જેમ આગળ વધતો જાય છે તેમ તેમ તેમાં સર્વ સારી ને સાચી વસ્તુઓના ઈતર પ્રવાહો આવીને મળે છે. આવા અનેક સંપ્રદાયોરૂપી પ્રવાહનો સંગમ થતો મહાભારતમાં કેવો બતાવ્યો છે, ને બ્રાહ્મણધર્મ એ વિશાળ રૂપ ધારણ કરીને હિંદુધર્મ કેમ બને છે, એનું નિરૂપણ રાધાકૃષ્ણને આ પુસ્તકમાં કરેલું છે. એ ભિન્ન ભિન્ન સંપ્રદાયો વિષે વાચકોનાં મનમાં જિજ્ઞાસા વધે, ને તે અલ્પ અંશે પણ સંતોષાય, એટલા હેતુથી કેટલાંક ટિપ્પણો તો કેવળ અંગુલિનિર્દેશરૂપે આપ્યાં છે.'

આ પુસ્તકમાં ૧. બ્રાહ્મણધર્મની નવરચના, ૨. મહાભારત, ૩. રચનાકાળ અને કર્તા, ૪. રામાયણ, ૫. એ યુગના પ્રચલિત વિચારો, ૬. દુર્ગાપુજા, ૭. પાશુપત સંપ્રદાય, ૮. વાસુદેવ-કૃષ્ણ, ૯. મહાભારતનું સૃષ્ટિવિજ્ઞાન, ૧૦. નીતિનિયમ અને સદાચાર, ૧૧. શ્વેતાશ્વતરોપનિષદ, ૧૨. મનુસ્મૃતિ અને લેખક અને અનુવાદકનાં ટિપ્પણો સમાવેશ પામે છે.

ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિના ઈતિહાસમાં મહાભારતનું સ્થાન અપ્રતિમ છે. શબ્દવિસ્તાર અને અર્થગૌરવની દ્રષ્ટિએ એ ગ્રંથ વાસ્તવિક રીતે મહાન જ છે. પાણ્ડણકૌરવોના ઐતિહાસિક યુધ્ધના બીજમાંથી ભારતવર્ષના પ્રાચીન પ્રતિભાસંપન્ન મુનિઓએ એક મહાવૃક્ષ ઉત્પન્ન કર્યું છે; અને એ વૃક્ષની-આપણા 'કબીરવડ'ની છાયા નીચે ભારતવાસીઓએ આજ સુધી પોતાનાં જ્ઞાન, કર્મ અને શકિતને પોષ્યાં છે; વિવિધ અને વિરુધ્ધ તત્વોનો સમન્વય સાધી દેશની અખણ્ડતા સિધ્ધ કરી છે; અને રાષ્ટ્રભાવનાને જાગૃત રાખી છે.

ઉપોદઘાતમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન દર્શાવે છે કે : આપણી નીતિભાવનાનો વિકાસ ને તેની કેળવણી એ બંનેમાં કલાકારોની કૃતિઓ ઘણો મોટો ફાળો આપે છે. નિરક્ષર લોકોનાં મન ઉપર પણ, તેઓ જાણે છે એના કરતાં વધારે અંશે, એની અસર પડે છે; કેમ કે, આપણી, સંમતિ હોય કે ન હોય તો પણ, કલા એનો પ્રભાવ આપણા પર પાડયા વિના રહેતી નથી. અંગ્રેજ કવિ શેલીએ કહયું કે 'જગત ભલે કબૂલ ન કરે, પણ કવિઓ તેને માટે કાયદા ઘડવાનું કામ તો કરે જ છે.' ..મહાભારતે ભારતવર્ષના આત્મામાં જે કીમતી પાઠ ઠાંસીઠંસીને ભર્યા છે. દ્રૌપદી અને યુધિષ્ઠિર, નળ અને દમયંતી, સાવિત્રી અને સત્યવાન વગેરે પાત્રો મારફતે તે આપણને એક સનાતન સિધ્ધાન્ત એ શીખવે છે કે તપસ્યા ને કષ્ટસહનરૂપી સાધના વાટે જ પૂર્ણત્વની પ્રાપ્તિ કરી શકાય. માણસના મનમાં રહેલી ન્યાયવૃત્તિ સ્વાભાવિક રીતે એમ માને છે કે માણસને મૃત્યુ વગેરે જે દુઃખો અચૂકપણે ભોગવવાં પડે છે તે માણસના અન્યાય અને દુરાચારનાં ફળ હોવા જોઈએ. માણસ માને છે કે દુઃખ એ પાપની કાળી મૂર્તિનો પડછાયો છે. એવું હંમેશા હોતું નથી. દુઃખને સાધનરૂપે વાપરીને આપણી નવી દુનિયાનું ઘડતર કરી શકીએ છીએ. જગતમાં નીતિનિયમનો પૂરો વિજય દુઃખ ભોગવ્યા વિના થતો જ નથી. જીવનની અકળ ગૂઢતા એ એક યજ્ઞ છે, ને તેમાંથી જ નવી સૃષ્ટિનો જન્મ થાય છે. મહાભારતે ચીતરેલા સમાજમાં દગાફટકા ને છળકપટનું જોર ઘણું છે, અને એ આખી કથામાં યુધ્ધની વાત ને યુધ્ધનું ઝનૂન છલોછલ ભરેલાં છે, એ સાચું. છતાં મહાભારતકાર પોતાનો મત સત્તાલોભી રાજકારણની વિરુધ્ધમાં સ્પષ્ટપણે દર્શાવે છે; અને રાજયના ચોકઠાને પશુબળ પર રચાયેલું ન માનતાં ધર્માચરણને આધારે ટકી રહેલું માને છે... મહાભારતકાર પોતાના જમાનાના ક્ષણજીવી તરંગોને સંક્ષોભોથી ગભરાઈને હાંફળ-ફાંફળા થતા નથી; પણ ધર્મનું આચરણ પ્રજાની ઉન્નતિમાં સહાયભૂત છે એમ માની, એ સિધ્ધાન્તમાં તેઓ સંમતિનો સૂર પુરાવે છે.'

આ પુસ્તક યુનિવર્સિટી ગ્રંથાલયના 'અલભ્ય પુસ્તક ભંડાર'માં ઉપલબ્ધ છે.

**ડો. જે.આર. મહેતા**
**કુલસચિવ**

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : Dr. B J Ankuya, Assistant Librarian

Published by : Dr. J R Mehta, Registrar

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com